# કલોલમાં ૨૦ લાખની દિલધડક લુંટ

## દેના બેંકના કર્મચારીઓ ગનમેન સાથે રાખીને રિક્ષામાં બેસી એટીએમમાં રૂપીયા જમા કરવા જઈ રહ્યા હતા : પલ્સર પર આવેલા બે શખ્સો ભરચક વિસ્તારમાંથી બેગ આંચકી પલાયન : જિલ્લામાં નાકાબંધી કરી દેવાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના કલોલ સ્ટેશન રોડ પર સ્થિત દેના બેંકમાંથી બેંકના ગનમેન સહિતના ત્રણ કર્મચારીઓ રૂ. ૨૦ લાખ ભરેલી બેગ લઈને રિક્ષામાં રેલવે સ્ટેશન એટીએમમાં રૂપિયા જમા કરાવવા જઈ રહ્યા હતા ત્યારે પલ્સર બાઈક પર આવેલા બે શખ્સોએ રૂ. ૨૦ લાખ ભરેલ વેગની સાંજે પાંચ વાગ્યાના અરસામાં ભરચક વિસ્તારમાંથી લુંટ કરી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ ડીએસપી એલસીબી, એસઓજી સહિતની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને જિલ્લામાં નાકાબંધી કરાવી દઈ સઘન વાહન ચેકીંગ શરૂ કરી દીધા હતા.









મળતી માહિતી મુજબ કલોલ સ્ટેશન રોડ પર આવેલી દેનાબેંકની શાખામાંથી કલોલ રેલવે સ્ટેશન એટીએમ મશીનમાં રૂપિયા જમા કરવા બેંકના ત્રણ કર્મચારીઓ રિક્ષામાં સાંજે પાંચ વાગ્યાના અરસામાં નીકળ્યા હતા. બેંકના કર્મચારી તુષારભાઈ, પટ્ટાવાળા દિનેશભાઈ અને એક સિક્યુરીટી ગાર્ડ ગનમેન કાશીરામ રિક્ષામાં બેઠા હતા અને તેમની પાસે જમા કરવા લઈ જવાતા રૂ. ૨૦ લાખ રોકડા ભરેલી લેધરની બેગ હતી. કલોલ રેલવે સ્ટેશન પાસે રિક્ષા લઈને બેંક કર્મચારીઓ પહોંચ્યા ત્યારે પલ્સર બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો બેંક કર્મચારીના હાથમાંથી રૂ. ૨૦ લાખ ભરેલી બેગ આંચકી પળવારમાં રફફુચક્કર થઈ ગયા હતા. સમી સાંજે ભરચક વિસ્તારમાં થયેલી રૂ. ૨૦ લાખની દિલધડક લુંટથી સન્નાટો મચી ગયો હતો. રેલવે પોલીસ અને જિલ્લા પોલીસને જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ તથા ગાંધીનગર એલસીબી, એસઓજીની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તો બીજી તરફ જિલ્લામાં તથા જિલ્લા બહારની પોલીસને વાયરલેસ પર મેસેજ છોડી નાકાબંધી અને સઘન વાહનચેકીંગની સુચનાઓ આપી દેવામાં આવી હતી. આ લુંટ અંગે રેલવે પોલીસે તપાસ શરૂ કરી છે.

## ખેડબ્રહ્મામાં માણેકનાથ મંદિરના ભગતનું તસ્કરોના મારથી સારવાર દરમિયાન મોત

### મૃતક કલ્યાણભાઈ રબારીને તેમની ઈચ્છા મુજબ પરોયા ગામમાં સમાધિ આપવામાં આવી

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્માના માણેકનાથ મંદિરમાં પખવાડીયા પહેલાં ત્રાટકેલા તસ્કરોએ ચોરી કરી ત્રણ ઈસમોને માર મારી ઈજા પહોંચાડી હતી. જેમાં કલ્યાણભાઈ રબારીને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નિપજતાં તેમની ઈચ્છા મુજબ પરોયા ગામમાં સમાધિ આપવામાં આવી હતી. જેથી સમગ્ર રબારી સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.



ખેડબ્રહ્મા સ્ટેટ હાઈવે ઉપર આવેલ માણેકનાથ મંદિરમાં ગત ૧૫ જાન્યુઆરીએ ત્રાટકેલા તસ્કરોએ મંદિરનું તાળું તોડી મંદિરમાં પ્રવેશ કરી અંદર સુતેલા મફતભાઈ રબારી-કલ્યાણભાઈ રબારી તથા મીઠુસિંહ ચૌહાણને માર મારી મંદિરની તિજોરી તથા ભંડારો તોડી તેમાંથી રોકડ રકમ તથા મીઠુસિંહનો રૂ. ૧૭૦૦નો મોબાઈલ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જેથી ૧૭ જાન્યુઆરીના રોજ કલ્યાણભાઈને અમદાવાદની વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તા. ૨૯ જાન્યુઆરીના રોજ કલ્યાણભાઈને હોસ્પિટલમાંથી રજા આપતા પરોયા ગામ લવાયા હતા જયાં સાંજે તેમણે પોતાનો દેહ છોડી દીધો હતો. છ માસ અગાઉ કલ્યાણભાઈએ તેમના પરિવાર સમક્ષ સમાધિ આપવાની ઈચ્છા વ્યકત કરી હતી. અને પરોયા ગામમાં સમાધિની જગ્યા પણ બતાવી હતી જયાં તેમને બુધવારે સમાધિ આપવામાં આવી હતી. જયાં તેમનું મંદિર બનાવવામાં આવશે. શ્રી માણેકનાથ રબારી સમાજ સેવા ટ્રસ્ટના મંત્રી ગોબરભાઈ મેઘાભાઈ દેસાઈના જણાવ્યા અનુસાર માણેકનાથ મંદિર તથા મંદિરની સામે આવેલ મહિલા હોસ્ટેલની સુરક્ષા માટે પોલીસ પોઈન્ટની માંગણી કરવામાં આવી છે. અને તે સંદર્ભે રબારી સમાજની આગામી તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ સભા મળનારી છે તેમાં નિર્ણય લઈ આ અંગે કલેકટરને રજુઆત કરવામાં આવશે.

## લોકસભા ચૂંટણી ૨૦૧૪ માટે નોડલ ઓફિસરોની નિમણુંક

### બેઠકમાં મેનપાવર, મેનેજમેન્ટ, ઈ.વી.એમ મશીન, કંટ્રોલ રૂમ, વાહન વ્યવહાર, તાલીમ, લો ઓર્ડર વગેરેની વિગતે સમજ આપી હતી

મહેસાણા, તા. ૩૦

મહેસાણા જિલ્લામાં લોકસભાની ચૂંટણીઓ અંગેનો કાર્યક્રમ જાહેર થવાથી જ ચૂંટણી આચાર સંહિતા અમલમાં આવે છે. જે અંગેના આગોતરા આયોજન માટે આજે લોકસભાની સામાન્ય ચૂંટણીઓ ૨૦૧૪ની બેઠક કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ અંગે વધુ માહિતી આપતા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ધવલ જાનીએ જણાવ્યું હતું કે આદર્શ ચૂંટણી આચારસંહિતાની કામગીરીના નોડલ અધિકારી તરીકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી બી.પી. ભટ્ટની નિમણુંક કરવામાં આવી છે. અને તેઓની દેખરેખ અને નિયંત્રણ હેઠળ સબંધિત મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે કાર્ય કરવાનું રહેશે. આ ચૂંટણીઓમાં ૧૭થી વધુ નોડલ ઓફિસરોની નિમણુંક કરવામાં આવી છે.

લોકસભા સામાન્ય ચૂંટણીઓ ૨૦૧૪ જાહેર થવાની તારીખ સમયથી કામગીરી સંભાળી લેવા ઉપસ્થિત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ધવલ જાનીએ જણાવ્યું હતું. આ બેઠકમાં મેનપાવર, મેનેજમેન્ટ, ઈ.વી.એમ મશીન, કંટ્રોલ રૂમ, વાહન વ્યવહાર, તાલીમ, લો ઓર્ડર વગેરેની વિગતે સમજ આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.એન. ઠકકર તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજના કતપુર ટોલપ્લાઝા પાસે લકઝરી બસમાં તોડફોડ





પ્રાંતિજ, તા. ૩૦

પ્રાંતિજ તાલુકાના કતપુર ટોલનાકા પાસે કતપુર ગામના નાગરિકો નનામી લઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે માર્ગ પર પુરપાટ ઝડપે રાજસ્થાનથી આવતી લકઝરીએ મારૂતી કારને પાછળથી ટક્કર મારતા ડાઘુઓ રોષે ભરાયા હતા અને લકઝરી રોકી તોડફોડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ પાસે આવેલ કતપુર ગામે મરણ થતા મૃતદેહની નનામી સ્મશાને લઈ જવાતી હતી તે સમયે ગામમાંથી એક ટ્રેક્ટર અને અન્ય વાહનોમાં સવારથી સ્મશાને જઈ રહ્યા હતા. આ દરમિયાન રાજસ્થાન તરફથી પુરપાટ ઝડપે આવતી લકઝરી નં. જીજે-૧૯-પી.એ.૫૪૫૪ ના ચાલકે કારને ટક્કર મારી હતી. આથી ગામના લોકોએ રોષે ભરાઈ બસ ચાલકની ધુલાઈ કરી બસમાં ભારે તોડફોડ મચાવી હતી અને લકઝરીને ભારે નુકશાન કર્યું હતું.

## મોડાસામાં ગાંધી નિર્વાણદિને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે મહાદેવ ગ્રામ ખાતે ગાંધીજીના અસ્તિ વિસર્જન એવા મીની રાજઘાટ ખાતે ગાંધી નિર્વાણ દિને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સર્વે ઉપસ્થિત મહાનુભાવોએ પુષ્પાંજલિ અર્પી ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

આ કાર્યક્રમાં સંજયભાઈ, નિલેશભાઈ જોષી., ડૉ. સંતોષ દેવકર, જિલ્લા તાલુકાના સદસ્યો, સાંસદ ડ. મહેન્દ્રસિંહ ચૌહાણ તથા એચ.એમ. જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.



એશિયામાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે પ્રથમ સ્થાન ધરાવનાર બનાસ ડેરીમાં દેશમાં સૌ પ્રથમવાર વિધવા મહિલાઓનું મહાસંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં વિધવા મહિલાઓ ઉપસ્થિત રહી હતી. મહાસંમેલનમાં મહિલાઓને પશુપાલન ક્ષેત્રે અગ્રેસર રહી જીવનનિર્વાહ કરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં મંત્રી પરબતભાઈ પટેલ, આનંદીબેન પટેલ, ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

## મહેસાણામાં અનશન પર બેઠેલા કાર્યકરની હાલત લથડતા હોસ્પિટલમાં દાખલ

મહેસાણા, તા. ૩૦

મહેસાણા ખાતે અરવિંદ બાગ પાસે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા નજીક છેલ્લા પાંચ દિવસથી દારૂની બદીને ડામવાની માંગણી સાથે અન્ય સાથીદારો સાથે આમરણાંત ઉપવાસ આંદોલન પર બેઠેલા સામાજીક કાર્યકર અને વ્યસન મુક્ત અભિયાન ચલાવતા બાબુભાઈ પટેલની તબિયત લથડતા તેઓને સારવાર અર્થે મહેસાણા ખસેડાયા હતા. મહેસાણા જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ થાય તે માટે સર્વોદયી કાર્યકર બાબુભાઈ પટેલ છેલ્લા કેટલાક દિવસથી અનશન પર ઉતર્યા છે. તેઓની સાથે જિલ્લાના કેટલાક સામાજીક કાર્યકરો પણ ઝુંબેશના ટેકામાં જોડાયા છે. જેથી જિલ્લા પોલીસ તંત્રમાં હલચલ મચી છે.

## પાટણ ભાજપ કિસાન મોરચા દ્વારા ધરણા યોજાયા

પાટણ, તા. ૩૦

ભારત સરકાર દ્વારા અવારનવાર કિસાનો સાથે થતા અત્યાચાર મામલે ભારતીય જનતા પાર્ટી પાટણ જિલ્લા કિસાન મોરચા દ્વારા ગાંધી ચોક ખાતે ધરણા ધરવામાં આવ્યા હતા.

મહાત્મા ગાંધી નિર્વાણ દિન દિવસે યોજાયેલા આ ધરણા કાર્યક્રમમાં પાટણ જિલ્લા પ્રમુખ ભરતભાઈ આર્ય, શહેર પ્રમુખ મનોજભાઈ પટેલ, હેમંતભાઈ તન્ના તેમજ જિલ્લાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ પાસેના કરોલ ગામે તાજેતરમાં મહાકાળી મંદિરમાં દ્વિતીય પાટોત્સવ યોજાયો હતો. જેમાં ૧૧ યજમાનોએ યજ્ઞમાં ભાગ લઈ પૂજા અર્ચના અને મહા આરતી કરવામાં આવી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## મુલસણ પાસે તાલીમ ડ્રાઈવરોને લઈ જતી વાન પલ્ટી ખાતા એક પોલીસ કર્મીનું મોત

મહેસાણા, તા. ૩૦

મહેસાણા-ગોઝારીયા ધોરી માર્ગ પર મુલસણ નજીક તાલીમી ડ્રાઈવરોને લઈ જતી મહેસાણા જિલ્લા પોલીસની સરકારી પોલીસ વાન અચાનક રોડ સાઈડમાં પલટી ખાઈ જતા એક પોલીસ કર્મચારીનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે દસ જેટલા પોલીસ કર્મચારીઓને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. માર્ગમાં નીલગાયને બચાવવા જતા પોલીસ વાનને અકસ્માત નડ્યો હતો. વિગત એવી છે કે મહેસાણા જિલ્લા પોલીસ હેડક્વાર્ટરના એસ.ટી. વિભાગના કેટલાક પોલીસ કર્મચારીઓને ડ્રાઈવિંગ શીખવવા માટે સવારના સમયે ૧૬ જેટલા પોલીસ કર્મચારીઓ પોલીસવાનમાં બેસીને મહેસાણાથી ગાંધીનગરના રસ્તે ગોઝારીયા તરફ આગળ વધી રહ્યા હતા ત્યારે મુલસણ પાસે માર્ગમાં અચાનક નીલગાય આવી જતા પોલીસવાનના ડ્રાઈવરે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેથી વાન પલટી ખાઈ જતા અંદર બેઠેલ પો.કો. ધીરૂભાઈ શીવાભાઈ ચૌધરી રહે. ચેધાસલિયાસણ તા. વિસનગરનું કરૂણ મોત નિપજ્યું હતું. મૃતક પો.કો. મહેસાણઆ લી. ડીવીજનના પોલીસ મથકમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. આ અકસ્માતમાં અન્ય દસ જેટલા તાલીમી ડ્રાઈવરોને પણ વત્તાઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચતા તેઓને સારવાર માટે સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ ઘટનાની પોલીસ બેડામાં શોકની લાગણી ફેલાઈ હતી.

## ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખની વરણી

ખેડબ્રહ્મા, તા. ૩૦

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા અને સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલની ભલામણથી ખેડબ્રહ્માના રહીશ અને રેલવે બોર્ડના સભ્ય નરેશભાઈ પરસોત્તમદાસ પટેલની ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. આ વરણીથી કોંગ્રેસના કાર્યકરોમાં હર્ષની લાગણી ફેલાઈ છે. ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભવરસિંહ શીવસિંહ વાઘેલાના અવસાનના કારણે આ પદ ખાલી પડ્યું હતું. નરેશભાઈ પટેલની તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે વરણી થતાં તાલુકા કોંગ્રેસના મહામંત્રી પ્રકાશભાઈ બ્રહ્મભટ્ટ, ખેડબ્રહ્મા શહેર કોંગ્રેસસમિતિના પ્રમુખ જીજ્ઞેશભાઈ જોષી, પાલીકામાં વિરોધ પક્ષના નેતા પ્રવિણસિંહ સોલંકી, આગીયાના જનકસિંહ રાજવી, હર્ષદભાઈ પટેલ, સાગરભાઈ પટેલ તથા પરોયાના જનકસિંહ વાઘેલા, શંકરભાઈ તથા સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

## બનાસકાંઠા જિલ્લા ભાજપ બક્ષી મોરચાની કારોબારી બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૩૦

બનાસકાંઠા જિલ્લા બક્ષી મોરચાની એક બેઠક જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે યોજાઈ હતી. જેમાં કાર્યકરોને ચૂંટણીલક્ષી કાર્યમાં જોડાવવા હાંકલ કરવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલ બક્ષી પંચ મોરચાની બેઠકમાં જિલ્લા મહામંત્રી ગજેન્દ્રભાઈ સકસેનાએ આવનાર લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના હાથ મજબુત કરવા અને બક્ષીપંચ સમાજનું ગૌરવ વધારી વડાપ્રધાન બનાવવા દરેક કાર્યકર્તા બક્ષીપંચ સમાજના લોકોને ગુજરાત સરકાર દ્વારા થયેલ લાભોની વાત રજુ કરી હતી અને વધુમાં વધુ મતદાન થાય તે માટે પ્રયત્નો કરવા કાર્યકરોને હાંકલ કરી હતી. બેઠકમાં દિનેશભાઈ અનાવાડીયા, પૂંજાજી ઠાકોર, માધુભાઈ રાણા, મોતીભાઈ દેસાઈ, સવારામ ચૌધરી વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
● સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેકટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન